ગાંધીનગર સમાચાર

શહેરની ચાર પ્રાથમિક શાળાઓને ખાનગી પ્રકાશનના પુસ્તકોના ઉપયોગ બદલ નોટીસ

# વાયબ્રન્ટ ગાંધીનગર... શહેરમાં ભારે ધમધમાટ


















# વાયબ્રન્ટ સમીટ માટે ડિઝાસ્ટર પ્લાન ઘડાયો

## ૮ મેડીકલ ટીમો તૈનાત રહેશે; ફાયર ફાયટર્સ, એમ્બ્યુલન્સની સેવા સહિતની બાબતો પ્લાનમાં સમાવાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે ૯ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ જિલ્લા તંત્ર દ્વારા ખાસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

કોઈ આકસ્મિક પરિસ્થિતિ પેદા થાય તો તેને પહોંચી વળવા માટે આ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લાનને લઈ કેટલીક ખાસ સમિતિઓ પણ રચવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મેડીકલની ખાસ ટીમો ઉપરાંત ફાયર ફાયટર્સ, એમ્બ્યુલન્સ જેવી સેવાઓને પણ આ પ્લાન અંતર્ગત ખાસ તૈનાત કરવામાં આવનાર છે.

મહાત્મા મંદિર ખાતે ૪ મેડીકલ ટીમો અને ૪ ટીમો ગ્લોબલ ટ્રેડ શૉ ખાતે ૨૪X૭ ફરજો બજાવશે એટલુ જ નહિ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પણ અલાયદો વોર્ડ ઉભા કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# ફિક્સ પગાર કર્મીઓ સંદર્ભે ૧૦મીએ એફિડેવિટ ફાઈલ

## કર્મચારીઓની રજૂઆતના આધારે રજૂઆત થશે

ગાંધીનગર, તા. ૩

ફિક્સ પગારના કર્મચારીઓ જુદી જુદી માંગણીઓને લઈને હાલ રજૂઆત કરી રહ્યા છે ત્યારે હવે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચવા જઈ રહ્યો છે. ૧૦મી જાન્યુઆરીના દિવસે સરકાર સુપ્રીમમાં એફિડેવિટ રજૂ કરશે. ગુજરાત સરકાર ફિક્સ પગારના કર્મચારીઓ માટે હકારાત્મક અભિગમ ધરાવે છે અને સરકાર આગામી દિવસોમાં યોગ્ય રજુઆતને સાંભળીને યથા યોગ્ય કરવા માટે આગળ વધી રહી છે. તેમ ડેપ્યુટી સીએમ નિતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે અને તેમણે હૈયાધારણા આપતા કહ્યું કે રાજય સરકાર ફિક્સ પગારના કર્મચારી એસોસિએશનની રજુઆતને આધારે ૧૦ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરવાની છે. નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલ જણાવ્યું છે કે, રાજય સરકારમાં ફિક્સ પગારથી કામ કરતા કર્મચારીઓની રજુઆત અને માંગણીઓ સંદર્ભે

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા દ્વારા ઉતરાયણ બાદ નવી બે આવાસ યોજનાની જાહેરાત કરાશે

## એલ આઇ જી અને એમ આઇ જી આવાસ યોજના અન્વયે ઓનલાઇન અરજી કરવાની રહેશે : નવા આવાસો બાંધવાનો નિર્ણય લેવાતા બાકી રહેતા લાભાર્થીઓને પણ સ્થાન મળશે

ગાંધીનગર તા ૩

ગુડા દ્વારા ટુંકમાં જ નવી એલ આઈ જી તેમજ એમ આઈ જી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવશે. ઉતરાયણ બાદ ટુંકમાંજ નવી યોજના અંગે જાહેરાત કરવામાં આવશે. નવી આવાસ યોજના અન્વયે લાભાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવાશે. જયારે આ માટે લાભાર્થીઓએ કોઈ ખર્ચ વેઠવો નહી પડે અગાઉ પણ ગુડા દ્વારા રાયસણ ચિલોડા તેમજ અડાલજ વિસ્તારમાં આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જેમાં હાલ આમ નાગરિકોએ વસવાટ પણ શરૂ કરી દિધો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ રાયસણ ,ચિલોડા તેમજ અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા. પંડિત દિન દયાળ યોજના અન્વયે ૧૧૪૦ આવાસોની લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી. માત્ર ૭.૫૦ લાખની કિંમતના આ આવાસોની ફાળવણી બાદ મોટાભાગના લાભાર્થીઓએ મકાનોનો કબજો મેળવી લીધો છે. જયારે આ સોસાયટીમાં હાલ આમ નાગરિકો વસવાટ પણ કરી રહયા છે. જયારે થાડા સમય અગાઉ પણ કુડાસણ ખાતે નિર્માણ થનારી એમ આઈ જી આવાસ યોજના અન્વયે પણ ડ્રો ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના અંતે પણ લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરી દેવાઈ છે. જેનુ કામ હાલ ચાલુ છે. જયારે ગાંધીનગર આસપાસના ગુડાના પ્લોટમાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે ગુડા દ્વારા પુર્વઆયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર ગુડા દ્વારા ગુડાના ખાલી પ્લોટમાં નવી આવાસ યોજના બાંધવામાં આવશે. ટુંકમાં જ આ મામલે આખરી આયોજન કરી દેવાશે. જયારે ઉતરાયણ બાદ નવી આવાસ યોજના અન્વયે જાહેરાત કરવામાં આવશે. ગુડા દ્વારા એલ આઈ જી તેમજ એમ ઈ આઈ જી તેમ બે પ્રકારની આવાસ યોજના તૈયાર કરાશે. જયારે આવાસ યોજના અન્વેય લાભાર્થીઓની અરજી ઓન લાઈન મંગાવાશે. એમ આઈ જી આવાસ યાજના અન્વયે ફરજિયાત ઓન લાઈન અરજી કરવાની રહેશે. જયારે એલ આઈ જી માટે બન્ને રીતે અરજી કરી શકાશે. ઓન લાઈન અરજી અન્વયે લાભાર્થીઓએ કોઈપણ પ્રકારનો અરજી ખર્ચ કરવાનો રહેશે નહીં. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા આવાસો બાંધવાનો નિર્ણય લેવાતા બાકી રહેતા અરજદારોને પણ આવાસ મેળવવાની તક મળશે.

# ભાજપના ત્રણ મોરચાના નવા પ્રમુખોની વરણી

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રભારી ડૉ.દિનેશ શર્મા સાથે વિચાર વિમર્શ કર્યા બાદ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ત્રણ મોરચાના પ્રદેશ પ્રમુખની આજ રોજ જાહેરાત કરી છે.

| મોરચાનું નામ | પ્રદેશ પ્રમુખનું નામ |
|---|---|
| યુવા મોરચો | ડૉ.ઋત્વીજ પટેલ, અમદાવાદ |
| કિસાન મોરચો | બાબુભાઈ જેબલીયા, ગઢડા |
| અનુસુચિત જનજાતિ મોરચો (એસટી) | મોતીભાઈ વસાવા, ધારાસભ્ય, ડેડીયાપાડા |




કેશલેસ એટીએમ - નોટબંધીના ૫૬માં દિવસે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એટીએમ કેશલેસ હોવાથી કોન્ટ્રાક્ટરો અને કારીગરોને ભારે હાલાકી પડી હતી... ચાર દિવસ બાદ પ્રધાનમંત્રીમી નિશ્રામાં યોજાનાર વાયબ્રન્ટ સમિટના સ્થળે અર્થાત્ મહાત્મા મંદિર ખાતે એસબીઆઈના એટીએમમાં કેશ ન હોવાથી પરપ્રાંતિય કામદારોને મુશ્કેલી વેઠવી પડી હતી....

# શહેરની ચાર પ્રાથમિક શાળાઓને ખાનગી પ્રકાશનના પુસ્તકોના ઉપયોગ બદલ નોટીસ

## સંદર્ભ માટે પુસ્તકો ઉપયોગમાં લેવાતા હતા : શાળા સંચાલકો : આ મામલે યોગ્ય તપાસ થશે

ગાંધીનગર તા ૩

ખાનગી પ્રકાશનના પુસ્તકોનો ઉપયોગ કરવા બદલ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નગરની અન્ય ચાર પ્રાથમિક શાળાના સંચાલકોને નોટીસ આપવામાં આવી છે. અગાઉ પણ માઉન્ટ કાર્મેલ તેમજ ઝેવિયર્સને આ મામલે નોટીસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હતો. નગરની ખાનગી શાળાઓમાં પાઠય પુસ્તક મંડળના પુસ્તકોનો ઉપયોગ ન થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

શહેરની શાળાઓમાં ખાનગી પ્રકાશનના ઉપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠતા જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા આ મામલે નગરની શાળાઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે નગરની વિવિધ શાળાઓમાં શિક્ષણ વિભાગના નિયમ વિરૂધ્ધ ખાનગી પ્રકાશન પુસ્તકોનો ઉપયોગ થતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી બારડે નગરની સેન્ટ ઝેવિયર્સ તેમજ કાર્મેલ સ્કુલને પણ નોટીસ આપી ખુલાસો આપવા સુચના આપી હતી. જયારે નગરની અન્ય ચાર શાળાઓને પણ ખાનગી

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com